## ફોર્મ – એ

| અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં<br>(દાખલ તા. ૦૮.૦૧.૨૦૧૮ )<br>(ચુકાદો આપ્યા તા. ૦૬.૦૭.૨૦૨૪ )<br>(કેસ નં. ૩૨૭૧/૨૦૧૮ )<br>( શહેરકોટડા પોલીસ સ્ટેશન, ફ. ગુના રજી. નં. ૧૯૯/૨૦૧૭ ) | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | સુપ્રલ શાહ |
| આરોપી | (૧) શુભમ સ/ઓ હરીશંકર ઓમકારલાલ વર્મા<br>(૨) રાજેશ વિનોદભાઇ પાટડિયા<br>(૩) અમન ઉર્ફે પ્રેમ અજિતસિંહ રાઠોડ |
| આરોપી તરફે વકીલ | કે. એલ. શર્મા |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૫.૧૦.૨૦૧૭ |
| એફ. આઈ. આર. નોંધ્યા તારીખ | તા.૨૫.૧૦.૨૦૧૭ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૦૭.૧૨.૨૦૧૭ |
| ચાર્જ ફ્રેમ કર્યા તારીખ | તા.૦૬.૦૮.૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૫.૦૨.૨૦૨૦ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | લાગુ નથી. |
| ચુકાદાની તારીખ | તા.૦૬.૦૭.૨૦૨૪ |
| સજાનો હુકમ હોય તો હુકમની તારીખ | લાગુ નથી. |

## આરોપીની વિગત

| ક્રમ | નામ | પકડયા તારીખ | જામીન પર છોડયા તારીખ | જે ગુનાનો આક્ષેપ હોય તે | આરોપીને રીલીઝ કરેલ છે કે સજા | આપેલ સજા | ટ્રાયલ કે તપાસ દરમ્યાન જેલમાં કાઢેલો સમય કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શુભમ સ/ઓ | ૨૭.૧૦. | | ધી ઈ.પી.કો | કલમ ૩૨૩, | આખરી | ૦૦ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | હરીશંકર ઓમકારલાલ વર્મા | ૨૦૧૭ | | કલમ– ૩૨૪, ૩૨૩, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબ | ૩૨૪, ૧૧૪ મુજબ | હુકમ મુજબ | |
| ૨ | રાજેશ વિનોદભાઇ પાટડીયા | ૨૭.૧૦. ૨૦૧૭ | | " | કલમ ૩૨૩, ૩૨૪, ૧૧૪ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ દિવસ |
| ૩ | અમન ઉર્ફે પ્રેમ અજિતસિંહ રાઠોડ | ૨૭.૧૦. ૨૦૧૭ | | " | કલમ ૩૨૩, ૩૨૪, ૧૧૪ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ દિવસ |

**ફોર્મ સી**

**પ્રોશીકયુશન/ડીફેન્સ/કોર્ટ વિટનેસની લીસ્ટ તથા વિગત**

એ. ફરીયાદી /સરકાર તરફે

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) | પુરાવાનો પ્રકાર | રેંક | આંક– |
|---|---|---|---|---|---|
| ૧. | વિનય સુગરસિંહ ચૌહાણ | ફરીયાદી | ફરીયાદી | પીડબલ્યુ૧ | ૦૭ |
| ૨. | રાવલ મુકેશભાઇ શકુભાઇ | પંચસાહેદ | પંચસાહેદ | પીડબલ્યુ ૨ | ૧૧ |
| ૩. | નાથુભાઇ શંકરભાઇ રાવળ | પંચસાહેદ | પંચસાહેદ | પીડબલ્યુ૩ | ૧૩ |
| ૪. | આકાશ ગણેશભાઇ ગુડકર | પંચસાહેદ | પંચસાહેદ | પીડબલ્યુ૪ | ૧૬ |
| ૫. | ગુડદેકર ગુલશન સુરેન્દ્રભાઇ | પંચસાહેદ | પંચસાહેદ | પીડબલ્યુ ૫ | ૧૯ |
| ૬. | અજીતસિંહ લાલસિહ ચૌહાણ | સાહેદ | સાહેદ | પીડબલ્યુ૬ | ૨૨ |
| ૭. | સુનીતા સુદર્શન ચોહાણ | સાહેદ | સાહેદ | પીડબલ્યુ૭ | ૨૩ |
| ૮. | વિઠ્ઠલભાઇ નારણભાઇ પટેલ | ડો.સાહેદ | ડો.સાહેદ | પીડબલ્યુ૮ | ૨૪ |
| ૯. | રમેશભાઇ શંકરભાઇ | ત.ક.અ.શ્રી | ત.ક.અ.શ્રી | પીડબલ્યુ૯ | ૨૫ |

## ડી. ફરીયાદ પક્ષ કે બચાવના કે કોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજોના આંક :

એ. પ્રોસીકયુશન

| ક્રમ | આંક નંબર | વિગત | રેંક |
|---|---|---|---|
| ૧. | ૦૮ | ફરીયાદ | પી ૧/પી ડબલ્યુ ૧ |
| ૨. | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | પી ૧/પી ડબલ્યુ ૨ |
| ૩. | ૧૭ | ગુનામા વપરાયેલ હથિયાર રીકવરી પંચનામુ | પી ૧/પી ડબલ્યુ ૪ |
| ૪. | ૧૮ | મેડીકલ સર્ટીફિકેટ | પી ૧ /પી ડબલ્યુ ૮ |

બી. બચાવપક્ષના સાહેદ, જો હોય તો :

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર<br>(નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) |
|---|---|---|
| | | બચાવ પુરાવો રજુ થયેલ નથી. |
| | | |

સી. કોર્ટના સાહેદો, જો હોય તો:

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર<br>(નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) |
|---|---|---|
| | | કોઈ કોર્ટ સાહેદ તપાસેલ નથી. |
| | | |

## ડી. ફરીયાદ પક્ષ કે બચાવના કે કોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજોના આંક :

એ. પ્રોસીકયુશન

| ક્રમ | આંક નંબર | વિગત | રેંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

બી. બચાવપક્ષ

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| | | રજુ થયેલ નથી. |
| | | |

સી. કોર્ટ દસ્તાવેજ આંક:

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| | | રજુ થયેલ નથી. |
| | | |

ડી. મુદ્દામાલ વસ્તુ તથા વિગતો

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧. | એમ.ઓ. નં.૧ | કાટવાળી પાઇપ |
| ૨. | એમ.ઓ. નં.૨ | એક ચપ્પુ |

બાબત : ધી ઈ.પી.કો કલમ- ૩૨૪, ૩૨૩, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ- ૧૩૫(૧)

**-: ચુ કા દો :-**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૦/૨૦૧૭ ના રાત્રીના કલાક ૦૦/૦૦ વાગ્યાના સમયે અરવિંદ મિલની ચાલી, પાછળ આવેલ જાહેર રોડ ઉપર ફરીયાદીને તેના ઘર પાછળ બોલાવી આરોપીએ ગડદાપાટુનો માર મારી આરોપી નં.૧ નાએ ચપ્પુથી ફરીયાદીને પીઠની ડાબી બાજુ એક ઘા મારી દિધેલ આરોપી નં.૨ ફરીયાદીને ડાબા હાથની કોણી પર લોખંડની પાઇપનો એક ફટકો મારી એકબીજાની મદદગારી કરી નાસી ગયેલ હોય **ધી ઈ.પી.કો કલમ- ૩૨૪, ૩૨૩, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ- ૧૩૫(૧)** અન્વયેનો ગુનો નોંધી તપાસનીશ અમલદારે તપાસનાં અંતે મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. સદર કામનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૦/૨૦૧૭ ના રાત્રીના કલાક ૦૦/૦૦ વાગ્યાના સમયે અરવિંદ મિલની ચાલી, પાછળ આવેલ જાહેર રોડ ઉપર ફરીયાદીને તેના ઘર પાછળ બોલાવી આરોપીએ ગડદાપાટુનો માર મારી આરોપી નં.૧ નાએ ચપ્પુથી ફરીયાદીને પીઠની ડાબી બાજુ એક ઘા મારી દિધેલ આરોપી નં.૨ ફરીયાદીને ડાબા હાથની કોણી પર લોખંડની પાઇપનો એક ફટકો મારી એકબીજાની મદદગારી કરી **ધી ઈ.પી.કો કલમ- ૩૨૪, ૩૨૩, ૧૧૪ તથા જી. પી. એકટની**

**કલમ– ૧૩૫(૧)** મુજબનો શીક્ષાપાત્ર એવો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૩. નીચે જણાવેલા કારણોસર ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) અશંતઃહ કારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :–**

૪. સદર કામે રેકર્ડ જોતા **આંક– ૦૭ થી ફરીયાદી વિનય સુગરસિંહ ચૌહાણ** નાઓએ જણાવેલ છે કે, બનાવ આશરે ત્રણએક વર્ષ પહેલા બનેલો. બનાવ રાત્રીના દોઢ એક વાગે તેઓના ઘરની સામે મુતરડી આવેલી છે અને રાત્રીના તેઓ ઘરની બહાર સુતેલા હતા. તેઓને પેશાબ આવતા તેઓ મુતરડી તરફ જતા હતા તે વખતે રસ્તામા શુભમ, રાજેશ અને પ્રેમલો અને અન્ય એક ઈસમ જેના નામની તેઓને ખબર નથી તેઓ દારુની બોટલ લઇને બેઠા હતા તેઓ મુતરડીમા પેશાબ કરવા જતા હતા ત્યારે આ લોકોએ તેઓને પાછળથી પથ્થરો મારેલો. તેમ છતા તેઓ દારુ પીધેલા હોય તેઓએ તેમને કશુ કીધા વગર પરત તેઓના ઘરે સુવા માટે ગયેલા. તેના અડધા કલાક બાદ પ્રેમલોએ તેઓને બોલાવવા માટે આવેલ અને કહેલ કે તને શુભમ લોકો બોલાવે છે તરત તેઓ ત્યા પાછા ગયેલા. તો શુભમે તેઓને પાછળથી બેઝ બોલ માથામા મારેલ તે વખતે રાજેશે તેઓને પકડી રાખેલો. જેથી માંથામા વાગવાથી તેઓ નીચે પડી ગયેલા તે વખતે પ્રેમલો અને શુભમ બંને જણાએ લોખંડની પાઇપ ડાબા હાથમા અને ડાબા પગમા મારેલ. તેઓને મારા મારીમા ઈજા થતા પગમા સળીયા નાંખેલા છે અને હાથમા ફ્રેકચર થયેલ છે. તેઓને પ્રેમલાએ આ બનાવમા કોઇ હથીયારથી ડાબી બાજુ પાછળના ભાગે પીઠમા મારતા ત્યા કાણુ પડી ગયેલુ જ હથીયાર લોખંડનુ હતુ. આ બનાવમા માર મારવા ના લીધે તેઓ બેભાન થઇને નીચે પડી ગયેલા અને ત્યા અજીતસીંગ ચૌહાણ નાઓ આવેલા અને તેઓની માતાને જાણ કરેલી અને શારદાબેન હોસ્પિટલમા દાખલ કરેલ. જ્યાર તેઓને હોશ આવેલો અને તેઓએ શારદાબેન હોસ્પિટલમા પોલીસને ફરીયાદ આપેલી. ફરીયાદ બતાવવામા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે જે આંકઃ૦૮ થી રજુ છે. બનાવ બાબતે હકીકત એવી છે કે, અરવિંદ મીલની સામે તેઓનો પાનનો ગલ્લો અને ચા ની કીટલી ચલાવતા હતા. તે વખતે આરોપી શુભમના જીજાજી

વિકી ઉર્ફે લાલો તેઓના ગલ્લે રોજ બેસવા આવતા હતા અને શુભમને અને તેના જીજાજીને બંનેને બનતુ ન હતુ. અને જેથી તેઓને શુભમે એના જીજાજીને નહી બેસાડવા માટે જણાવેલુ પરંતુ તેઓ ત્યા આવીને બેસતા હતા જે બાબતની શુભમને તેઓની સાથે અદાવત હતી. જેથી આ બનાવ બનેલો. આરોપીને ઓળખે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ નવ ધોરણ સુધી ભણેલા છે. તેમના પિતાજી અવસાન પામતા અભ્યાસ મુકી દીધેલ. તેઓ બાર વર્ષની ઉંમરથી પાનનો ગલ્લો ચલાવતા હતા. તેઓ પાનનો ગલ્લો સવારના સાતથી રાત્રીના સાત સુધી ચલાવતા હતા. ત્યા બધા વ્યસની આવે છે. તેઓ અને તમામ આરોપીઓ એક જ ચાલીમા રહો છો અને એકબીજાને સારી રીતે ઓળખો છો. હાલમા તેઓના ઘરમા તેઓ અને તેઓની માતા એમ બે મેમ્બરો છે. એક મોટો ભાઇ બાર વર્ષથી જતા રહેલા છે અને ઘરમી જવાબદારી તેઓ ઉપર છે. શુભમને એક ઇકો ગાડી છે. બનાવ રાત્રીના દોઢ વાગ્યા બાદ બનેલો. બનાવ સમયે કોઇ હાજર ન હતુ. આ વખતે લગભગ બે વાગ્યા પછીનો સમય હશે. તેઓના પગમા સળીયા પહેલાથી જ છે. આ બનાવ બન્યો ત્યારબાદ તેઓના પગમા સળીયા નાખેલા નથી. ડીસમીસ કેટલુ મોટુ હતુ તે તેઓને ખબર નથી. તેઓને હોસ્પિટલમા તેઓની માતા ૧૦૮ મા લઇ ગયેલા અને ૧૦૦ નંબર ઉપર ફોન પણ તેઓની માતાએ કરેલો. આરોપીઓ સારા મિત્રો છે. તેઓને હોસ્પિટલમાંથી બીજા દિવસે સવારે રજા આપી દિધેલી. બાકીની હકીકતોનો ઇન્કાર કરેલ છે.

૫. આ કામે સદર કામે **આંક– ૧૧ થી પંચસાહેદ રાવલ મુકેશભાઇ શકુભાઇ** નાઓએ જણાવેલ છે કે, સને ૨૦૧૮ ની સાલમા તેઓ તેઓના ભાઇના ઝગડા સંબંધે શહેર કોટડા પો.સ્ટે.મા ગયેલ હતા. ત્યા પોલીસે તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓ પોલીસ સાથે કોઇ ગુનાવાળી જગ્યાએ પંચનામુ કરવા ગયેલ હોય તેવુ બનેલ નથી કે ફરીયાદીના કાકાએ ગુનાવાળી જગ્યા બતાવેલી હોય તેવુ પણ બનેલુ નથી તેઓને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે જેમા પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંકઃ૧૨ થી રજુ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તે દરમિયાન પણ પંચનામાને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પોલીસ સ્ટે. તેઓના કામેથી ગયેલા ત્યા પોલીસે તેઓને નામ સરનામુ પુછી સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી હતી. પંચનામાની વિગતે તેઓ કાઇ જાણતા નથી.

૬. આ કામે સદર કામે **આંક– ૧૩ થી પંચસાહેદ નાથુભાઈ શંકરભાઈ રાવળ** નાઓએ જણાવેલ છે કે, સને ૨૦૧૮ ની સાલમા તેઓ શહેર કોટડા પો.સ્ટે.મા ગયેલ હતા. ત્યા પોલીસે તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓ પોલીસ સાથે કોઈ ગુનાવાળી જગ્યાએ પંચનામુ કરવા ગયેલ હોય તેવુ બનેલ નથી કે ફરીયાદીના કાકાએ ગુનાવાળી જગ્યા બતાવેલી હોય તેવુ પણ બનેલુ નથી તેઓને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે જેમા પોતાની સહી ઓળખી બતાવે છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તે દરમિયાન પણ પંચનામાને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પોલીસ સ્ટે. તેઓના કામેથી ગયેલા ત્યા પોલીસે તેઓને નામ સરનામુ પુછી સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી હતી. પંચનામાની વિગતે તેઓ કાઇ જાણતા નથી.

૭. ફરિયાદ પક્ષે આ કામે સદર કામે **આંક– ૧૬ થી પંચસાહેદ આકાશ ગણેશભાઈ ગુડકર ના**ઓએ જણાવેલ છે કે, બનાવ આશરે ચાર એક વર્ષ અગાઉ તેઓને પંચમા રહેવા માટે બોલાવેલા અને તેઓને એક તૈયાર પંચનામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. પંચનામુ શેનુ હતુ તેની ખબર નથી. તેઓ પોલીસ સાથે તેઓની હાજરીમા કોઇ ઇસમે ગુનામા વપરાયેલ લોખંડની પાઇપ તથા ચકકુ સ્વેચ્છાએ રજુ કરેલ હોય અને તેઓએ વિગતવારનુ પંચનામુ લખાવેલ હોય તેવુ બનેલ નથી તેઓને પંચનામુ બતાવવામા આવે છે તેમા પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. જે આંકઃ૧૭ થી રજુ છે. તેઓએ પોલીસ સ્ટે.મા એક લખેલા કાગળમા સહી કરેલી તે સિવાય કાઇ જાણતા નથી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવે છે કે, તેઓએ પંચનામા માત્ર સહી કરેલી તે સિવાય તેઓ કાઇ જાણતા નથી.

૮. ફરિયાદ પક્ષે **આંક– ૧૯ થી પંચસાહેદ ગુડદેકર ગુલશન સુરેન્દ્રભાઇ** નાઓએ જણાવેલ છે કે, બનાવ આશરે ચાર એક વર્ષ અગાઉ તેઓને પંચમા રહેવા માટે બોલાવેલા અને તેઓને એક તૈયાર પંચનામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. પંચનામુ શેનુ હતુ તેની ખબર નથી. તેઓ પોલીસ સાથે તેઓની હાજરીમા કોઇ ઇસમે ગુનામા વપરાયેલ લોખંડની પાઇપ તથા ચકકુ સ્વેચ્છાએ રજુ કરેલ હોય અને તેઓએ વિગતવારનુ પંચનામુ લખાવેલ હોય તેવુ બનેલ નથી તેઓને પંચનામુ બતાવવામા આવે છે તેમા પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવે છે કે, તેઓએ પંચનામા માત્ર સહી કરેલી તે સિવાય તેઓ કાઇ જાણતા નથી.

૯. ફરિયાદ પક્ષે **આંક– ૨૨ થી સાહેદ અજીતસિહ લાલસિહ ચૌહાણ** નાઓએ જણાવેલ છે કે, તેઓ હાલ નરોડા ખાતે અરવિંદમીલની ચાલી પાસે રહે છે. આ કામનો બનાવ ક્યારે બનેલો, કોની વચ્ચે બનેલો અને બનાવમા શુ થયેલુ તેની તેઓને ખબર નથી બનાવ વખતે પોલીસે તેઓનો કોઇ જવાબ લીધેલ નથી.

૧૦. ફરિયાદ પક્ષે **આંક– ૨૩ થી સાહેદ સુનીતા સુદર્શન ચોહાણ** નાઓએ જણાવેલ છે કે, ફરીયાદી વિનય તેઓનો પુત્ર થાય છે અને ખોડીયાર પાન પાર્લરના નામથી ગલ્લો ચલાવે છે. તેઓનો પુત્ર વિનયના મિત્રો કાલીયા, શુભમ તથા પ્રેમલા નાઓ છે જેને તેઓ ઓળખે છે. જેઓ કોર્ટમા હાજર છે. બનાવના દિવસે તેઓ ઘરમા સુતા હતા અને તેઓનો પુત્ર ઘરની બહાર સુતો હતો ત્યારે તેને કોઇ વ્યકિત બોલાવવા આવેલ. પાંચેક મિનીટ થતા તે ન આવતા તેઓ ઘરની બહાર નિકળેલા અને થોડે દુર અંધારુ હતુ ત્યા લોકો ભેગા થયેલા અને તેઓના પુત્રને આ લોકો લોખંડની ટાઇપથી મારતા હતા અને હાથમા ચપ્પુ પણ હતુ અને આ લોકોએ તેઓને જોતા ત્યાંથી ભાંગી ગયેલા પછી તેઓ તેને પો.સ્ટે. લઇ ગયેલ અને ત્યારબાદ ૧૦૮ મા સારવાર માટે લઇ ગયેલા. પોલીસે તેઓનો જવાબ લીધેલો.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ઉમર ૫૦ વર્ષ છે. તેઓનો પુત્ર ધોરણ ૯ સુધી ભણેલો છે. તેઓનો પુત્ર પહેલા ગલ્લો ચલાવતો હતો.

આરોપીઓ તેઓના પુત્રના મિત્ર થતા હોય સારી રીતે ઓળખે છે. બલવીરસિંહ તેઓના જેઠ થાય છે. અજીતસિંહ પણ તેઓના સગામા થાય છે. બનાવની તારીખ યાદ નથી. આશરે ૨૦૧૮ મા બનેલ હશે. બનાવ વખતે તેઓ રુમમા સુતા હતા. તેઓને ત્યાનો જ કોઇ વ્યકિત બોલાવવા આવેલો નામ ખબર નથી. તેઓ જોવા ગયા ત્યારે અધારુ હતુ. તેઓ ગઇ ત્યારે તેઓએ આરોપીના માતા પિતા અને આરોપીને જોયેલા. તે વખતે રાતના ૧૨ વાગ્યાની આસપાસ નો સમય હશે. તેઓ ગયા ત્યારે તેઓનો પુત્ર નીચે પડેલો હતો. આરોપીઓ તે વખતે ભાગી ગયેલા હતા. તેઓને જોઇને ભાગી ગયેલા. તેઓએ આશરે ૨૦ થી ૩૦ ફુટના અંતરથી આરોપીને જોયેલા. તે વખતે ત્યા બીજા માણસો ન હતા. તે વખતે તેઓએ તેઓના જેઠને ફોન કરી બોલાવેલ. તેઓના જેઠ સીધા પો.સ્ટે. આવેલા. પોલીસને તેઓએ ફોન કરેલ. તેઓના પુત્રએ આરોપીએ મારેલાનુ જણાવેલ. તેઓનો પુત્ર હાલમા તેઓ સાથે નથી રહેતો. તેઓના પુત્ર પર બે ત્રણ કેસ થયેલા છે. ચોરી વિગેરેના કેસ થયેલ છે.તેમનો પુત્ર અગાઉ નશો કરતો હતો.

૧૧. ફરિયાદ પક્ષે **આંક– ૨૪ થી ડો.સાહેદ વિઠ્ઠલભાઇ નારણભાઇ પટેલ** નાઓએ જણાવેલ છે કે, સને ૨૦૧૮ મા તેઓ શારદાબેન હોસ્પિટલમા ડોકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૫.૧૦.૨૦૧૭ ના રોજ આશરે ૨/૨૦ એ.એમ.ના સુમારે દર્દી વિનય સુગરસિંહ ચૌહાણને સારવાર માટે લાવેલા અને તેને આઉટડોર પેશેન્ટ તરીકે સારવાર આપેલી અને તેને પુછતા હિસ્ટ્રીમા સામાવાળાઓએ છરી પાઇપથી મારેલાનુ જણાવેલ અને તેની ઇજા તપાસતા ડાબી બાજુની કુણી પેટ જમણી બાજુના પગની ઘુટીએ દુખાવો માલુમ પડેલ. ઇજાનો એકરે લેતા ડાબી બાજુની કુણીએ અલ્નામા ફ્રેકચર માલુમ પડેલ. પ્રાથમીક સારવાર તેઓએ આપેલી અને ત્યારબાદ ફ્રેકચરની સારવાર ઓર્થોપેડીક વિભાગમા કરવામા આવેલી. સારવાર સર્ટી.મા તેઓની સહી છે. જે આંકઃ૧૮ થી રજુ છે.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે, દર્દી પોલીસ યાદી વિના જાતે સારવાર માટે આવેલા. હિસ્ટ્રી દર્દીએ આપેલી. તેમણે જે કીધુ તે તેઓએ લખેલ. આવી ઇન્જરી ઉચાઇએથી નીચે પડવાથી કે અકસ્માતથી પણ થઇ શકે.

૧૨. ફરિયાદ પક્ષે **આંક– ૨૫ થી ત.ક.અ.શ્રી રમેશભાઇ શંકરભાઇ** નાઓએ જણાવેલ છે કે, ૨૦૧૭ મા

તેઓ શહેરકોટડા પો.સ્ટે.મા અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૫.૧૦.૨૦૧૭ ના રોજ ફરીયાદી બલવીરસિંહ ચૌહાણ નાઓએ તેઓની રૂબરૂ આવી ફરીયાદ જાહેર કરેલ કે તેઓ આશરે ૧૦/૦૦ વાગે ફોન આવેલ કે તેમના ભાઇ સુગરસિંહને આરોપીએ મારેલ છે અને આરોપીએ ચપ્પુથી મારેલ છે વિગેરેની ફરીયાદ તેઓની રૂબરૂ નોધાયેલી અને ફરીયાદ નોંધાયા બાદ ગુનો દાખલ થઇ તપાસ તેઓની તરફ આવતા તપાસ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ નોંધી લીધેલ અને પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ વિગતવારનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ જેમા રૂબરૂમા તેઓની સહી છે જે તે જ છે. તથા આરોપી સ્વખુશીથી ગુનામા વપરાયેલ ચપ્પુ રજુ કરતા હોય તેનુ વિગતવારનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ તેઓના રૂબરૂનુ થયેલ છે જે તે જ છે. સદર કામે મેડીકલ સર્ટી. મેળવી કામમા સામેલ રાખેલ જે તે જ છે. આ કામે આરોપીઓની અટક કરી જામીન લઇ મુકત કરેલ છે. આરોપી સામે પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલી જેમા તેમની સહી છે જે તે જ છે. તથા આરોપી કોર્ટમા હાજર છે જે તે જ છે.

બચાવપક્ષ તરફે સદર ત.ક.અ.શ્રીની ઉલટતપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, તેઓ ૨૦૧૨ થી શહેરકોટડા પો.સ્ટે.મા ફરજ પર હતા. આ ફરીયાદ તેઓએ શારદાબેન હોસ્પિટલમા લીધેલ. પો.સ્ટે.મા ફરીયાદ લીધેલ નથી. ફરીયાદ રાત્રે ૩/૦૦ વાગ્યાની આસપાસ લીધેલી. ફરીયાદ વિનયભાઇએ આપેલી. તે વખતે સુમનબેન પણ ત્યા હાજર હતા તથા એક કાકા હતા. ફરીયાદ તેઓના રાઇટરે લખેલી. ફરીયાદ તેઓએ લખાવેલી. ફરીયાદ તેઓએ ફરીયાદીના કહેવા મુજબ લખાવેલી. ફરીયાદ ૨૫/૧૦ ના રોજ રાત્રે લખાવેલી અને તે જ દિવસે તપાસ તેઓની જોડે આવેલી. ૨૫/૧૦ ના રાત્રીના ૫/૦૦ વાગ્યાની આસપાસ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા. પંચનામુ તેઓએ પંચોને સાથે લઇ જઇ સાથે રાખી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. પ્રશ્ન પુછવામા આવતા કે તમે નિવદનો સ્ટીરીયો ટાઇપ કોમ્પ્યુટરમા પો.સ્ટે.મા તૈયાર કરેલા? તેનો જવાબ હકારમા આપેલ છે. ચાર્જશીટમા દર્શાવેલ ત્રણ સાહેદો સિવાય બીજા કોઇ સાહેદોના નિવેદન તેઓએ લીધેલા નથી.

**<u>સદર કામે પડેલ પુરાવા ધ્યાને લેતાં તથા પુરાવાના બોજા બાબતે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં</u>**

૧૩. looking to the rul of law about **Burden of proof.** — Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove

the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**On whom burden of proof lies**. — The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

**Burden of proof as to particular fact.** —The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

૧૪. સદર કામે આક્ષેપીત ગુનાની કલમો ધ્યાને લેતાં કલમ– ૩૨૪, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)

**324. Voluntarily causing hurt by dangerous weapons or means.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**323. Punishment for voluntarily causing hurt.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**114. Abettor present when offence is committed.**

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence

**135. Whoever disobeys an order lawfully made under section 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished**

(i) if the order disobeyed or of which the disobedience was abetted was made under Sub-saction(1) of Section 37 or under section 39 or section 40, with imprisonment for a term which may extand to one year but shall not except for reasons to be recorded in writing be less than four months and shall also be liable to fine, and;

(ii) if the said order was made under sub-Section (2) of Section 37, with imprisomnent for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and

(iii) If the said order was made under sub-section (3) of section 37, with fine which may extend to one hundred rupees.

૧૫. સદર કામે પડેલ પુરાવો તથા સાંયોગીક પુરાવાની ચેઈન બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની ગાઈડલાઈન તથા હાલમાં પડેલ પુરાવો સાંકડતા,

**Sharad Birdhi Chand Sarda vs State Of Maharashtra on 17 July, 1984,**

3.1 It is well settled that the prosecution must stand or fall on its own legs and it cannot derive any strength from the weakness of the defence. This is trite law. However, where various links in a chain are in themselves complete, then a false plea or a false defence may be called into aid only to lend assurance to the Court. In other words before using the additional link it must be proved that all the links in the chain are complete and do not suffer from any infirmity. It is not the law that where there is any infirmity or lacuna in the prosecution case the same could be cured or supplied by a false defence or a plea which is not accepted by a Court.

Evidence-Circumstantial evidence-Onus of proof- Prosecution must prove every link of the chain and complete chain-Infirmity or lacuna in the prosecution cannot be cured by false defence or plea-A person cannot be convicted on pure moral conviction-False explanation can be used as additional link to fortify the prosecution case, subject to satisfaction of certain conditions.

૧૬. સદર કામે ચુકાદો ઘ્યાને લેતા **નામ. ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૯(૧) જી.એલ.આર. પાના નં.૩૪૫ (ડીવીઝન બેન્ચ)ના હસમુખભાઈ નાનજીભાઈ રબારી વિરુઘ્ધ સ્ટેટનાં ચુકાદાના પેરા-૧૨ તથા ૧૭ ના પ્રસ્થાપિત સિઘ્ધાંત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૦૦૩**

**ક્રી.લો.જ. પેજ નં.૪૧ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં,** રીલેશનશીપના કારણે ફરીયાદપક્ષનો કેસ ફેટલ થઈ જતો નથી કે તેનો લાભ આરોપીને મળતો નથી પરંતુ જયારે સાહેદો વચ્ચે સંબંધો હોય ત્યારે સાવચેતીપૂર્વક તેના પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. જો પુરાવો કોઝન્ટ અને ક્રેડીબલ મળી આવે તો તેને સાહેદો વચ્ચે સંબંધ હોવાના કારણે તેઓનો પુરાવો ડીસ્કાર્ડ કરી શકાય નહીં. વધુમાં, ઉપરોકત ચુકાદામાં સંબંધ ધરાવનાર સાહેદ તથા હીત ધરાવનાર સાહેદ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવેલો છે. સાહેદો વચ્ચે સંબંધ હોવા માત્રથી સાહેદ હીત ધરાવનાર સાહેદ બની જતો નથી. વધુમાં, હાલના કેસમાં સંજોગોથી તથા પ્રત્યક્ષ પુરાવાથી આરોપી ધ્વારા ઈજા કરેલ હોવાનું રેકર્ડ ઉપર નિ:શંકપણે પુરવાર થતુ હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષના સાહેદ ફરીયાદીના ઘરના વ્યકિતઓ હોવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ ફેટલ થઈ જતો નથી.

319. Hurt.Whoever causes bodily pain, disease orinfirmity to any person is said to cause hurt.

321. Voluntarily causing hurt.Whoever does any act with the intention ofthereby causing hurt to any person, or with the knowledge that he is likely thereby tocause hurt to any person, and does therebycause hurt to any person, is said"voluntarily to cause hurt".

323. Punishment for voluntarily causing hurt.Whoever, except in the case provided for bysection 334, voluntarily causes hurt, shall bepunished with imprisonment of eitherdescription for a term which may extend toone year, or with fine which may extend toone thousand rupees, or with both.

સદર કામે કલમ– ૩૨૩ પુરવાર કરવા માટે કલમ– ૩૧૯ તથા ૩૨૧ પુરવાર કરવી પડે સદર કામે ૩૨૩ પુરવાર કરવા માટે કલમ– ૩૧૯ જોતા ઈજા કરેલ હોય તેટલાથી જ પુરવાર થતું નથી પરંતુ જયારે વ્યકિત ને કોઈ શારીરિક પીડા કે રોગ કે અશકિત ઉપજી હોય તો પણ વ્યથા કહેવાય અને જો વ્યકિત એ વ્યથા થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે કૃત્ય કરેલ હોય તો સ્વૈચ્છાપુર્વક ની વ્યથા કહેવાય .

સદર કામે પીડબલ્યુ ૧ આંકઃ૦૭ થી બનાવ વખતે તેમને શુભમ બોલાવવા આવેલો અને રાજેશે મને પકડી પાડેલો અને પ્રેમલો અને સુભમે બન્ને જણાએ લોખંડની પાઈપ ડાબા હાથ અને પગે મારેલી તેટલી હકીકતોને એટલે કે ઈજાની હકીકતને આંકઃ૧૮ ના મેડીકલ સર્ટીફિકેટ જોતા ડાબા

હાથમા અલમામાં ફેકચર થયેલ છે અને બનાવ વખતે ફરીયાદીએ સારવાર લીધેલ હોવાનુ આંકઃ૨૪ ના સાહેદે જણાવેલ છે તેવા સંજોગોમા બનાવ વખતે આરોપીઓએ ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે ફેકચર કરેલ હોવાનુ સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ છે એટલે કે સુભમ, રાજેશ અને પ્રેમલો એટલે આરોપી નં.૩ ના હાજરી અને કૃત્ય રેકર્ડ ઉપર આવે છે.તથા બનાવ વખતે વપરાયેલ હથીયાર પણ ઓળખી બતાવેલ છે અને અન્ય કોઈ શકયતા રેકર્ડ પર આવતી નથી વધુમા આરોપીને અગાઉની અદાવત હોય મોટીવ પણ રેકર્ડ પર આવે છે અને આંકઃ૨૩ થી ફરીયાદીના માતા સુનિતા સુદર્શન ચોહાણ નાઓએ પણ બનાવ વખતે તેમનો પુત્ર ઘરની બહાર સુતો હતો અને તેને કોઇ વ્યકિત બોલાવવા આવેલ અને પાંચ મિનિટ બાદ તેમને બનાવની જાણ થયેલ હોવાનુ જણાય છે અને ઉલટતપાસમા પોતે બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે તેમનો પુત્ર ત્યા પડેલ હતો તે જોતા બનાવ બાદ તરત ઘટના સ્થળે પહોચેલ હોવાથી બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ સદરહુ સાહદે બનાવ નજરે જોયેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. એ સદર કામે આંકઃ૨૫ થી તપાસ અધિકારીએ રીકવરી પંચનામા તથા તપાસ કામગીરીને સમર્થન આપેલ છે. અને નિવેદનો કોમ્પ્યુટર પર તૈયાર કરેલ હોવાનુ અને સુચક પ્રશ્નોનો ઇન્કાર કરેલ છે. સદર કામે તમામ હકીકતો ધ્યાને લેતા બનાવ વખતે ફરીયાદીએ સુભમ આરોપી નં.૧ બોલાવવા આવેલ હોવાનુ અને આરોપી નં.૨ નાએ પકડી રાખી એક બીજાના મેણાપીપણામા હાથ પર ફેકચર કરેલ હોવાનુ જણાતુ હોય ફરીયાદીની જુબાની જોતા આરોપીની હાજરી અને કૃત્ય સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવતુ હોય બનાવ સમયે ફરીયાદીને વ્યથા પહોચાડી લોખડના પાઇપથી ફેકચર કરેલ હોવાનુ જણાતુ હોય કાયદાની જોગવાઇ ધ્યાને લેતા આરોપીઓએ બનાવ વખતે કલમ ૩૨૩, ૩૨૪ , ૧૧૪ અન્વયે કસુરવાર ઠરે છે.

**૧૭. <u>જી.પી.એકટ ૧૩૫</u>**

સદર કામે રેકર્ડ ઉપર આરોપીઓ હથિયાર લઇને આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે અને હથિયારબંધીનું જાહેરનામુ પણ રેકર્ડ ઉપર આવે છે પરંતુ બનાવ સમયે કાયદાની જરૂરીયાત મુજબ પ્રસિધ્ધી થયેલ હોય અને જાહેર જનતાની જાણમા આવેલ હોય તથા વર્તમાનપત્રમા છપાવેલ હોય તેના કોઇ પ્રચાર પ્રસાર કરેલ હોય તેનુ કોઇ રેકર્ડ રજુ કરેલ ન હોય તેવા સંજોગોમા પ્રસિધ્ધીની

જાણ કાયદેસર થયેલ હોય તેવી હકીકત સ્પષ્ટ રીતે આવતી હોય તેવી ત્રુટીને કારણે આરોપીને કલમ ૧૩૫ મુજબ તકસીરવાન ઠેરવી શકતો ન હોય શંકાનો લાભ આપવામા આવે છે.

**૧.** સદર કામે આરોપીઓનો કલમ જી.પી.એકટ ૧૩૫ અન્વયે આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી મુકત કરવામા આવે છે અને સદર કામે આરોપીઓને કલમ– ૩૨૩, ૩૨૪, ૧૧૪ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સબબ મુદ્દા નં.૧ પરત્વે અંશત: હકારમાં જવાબ આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ બાબતે તથા સજાના મુદ્દે સાંભળવા મુલતવી.

સજાના મુદે સાંભળવા મુલત્વી

સ્થળ : અમદાવાદ
તા. ૦૬/૦૭/૨૦૨૪

(જે. એસ. શાહ)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રટ (કોર્ટ નં. ૧૦)
અમદાવાદ
કોડ નં.જીજે ૦૦૯૩૬

૧૮. સદર કામે ફરીયાદપક્ષે આરોપી સામે પુરવાર થયેલ ગુનામાં પુરે પુરી સજા કરવા વિનંતી કરેલ છે

૧૯. સદર કામે આરોપી તરફે આરોપી સામે કોઈ ગુનાહીત ઈતિહાસ ન હોય કુંટુબ કબીલાવાળા હોય સામાજીક જવાબદારી હોય સારા નાગરીક હોય જીજાજી બાબતે અગાઉનુ મનદુખ હોય બનાવ બનેલ હોય યુવાન વયના હોય અગાઉની કોઈ અદાવત ન હોય પ્રોબેશન નો લાભ આપવા અરજ કરેલ છે.

૨૦. ઉભયપક્ષની રજુઆત ધ્યાને લેતા પક્ષકારો વચ્ચે અગાઉની અદાવત ન હોવાનું અને તકરારમાં હાલનો બનાવ બનેલ હોવાનું અને આરોપીઓ સામે અગાઉનો કોઈ ગુનાહીત ઈતિહાસ ન હોવાની હકીકત રેકર્ડ આવતી હોય આરોપીઓનો પ્રથમ ગુનો છે તેવા સંજોગોમાં આરોપીઓને સી.આર.પી.સીની કલમ ૩૬૦ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર અન્વયે યોગ્ય હુકમ કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

૨૧. સદર કામે કેસનુ સ્વરૂપ આક્ષેપીત ગુનો બનાવ બનવાનુ કારણ અને આરોપીઓની સામાજિક સ્થીતી તથા સ્થાપિત ચુકાદાઓ ધ્યાને લેતા તથા આક્ષેપીત ગુનામાં સજાની જોગવાઈ એક વર્ષની કેદ અથવા ૧૦૦૦/– સુધીનો દંડ અથવા તો બંને સજાની જોગવાઈ હોય તે ધ્યાને લેતા,

*Dalbir Singh v. The State of Haryana, AIR 2000 SC 1677* – In this case, the court took the opinion that it is appropriate for the defendant to be placed on probation for his good conduct, given that the facts of the situation are needed to be taken into account. One of the circumstances informing the aforementioned opinion which cannot be omitted is “the essence of the offence.” Thus, Section 4 can be redressed where the court recognizes the circumstances of the situation, in particular the “character of the crime,” when the court decides whether it is reasonable and necessary for the execution of a defined reason that the defendant should be released on the grounds of good conduct.

mafaldima vs state Air 1968 Goa

when offence not deing impresentment for life must invariably be allowed to be relesed on admonition or probetion unless there are reason for not to given benificialy.

Writ pritition 408-2013 in Human condition in prision Supreme court held in pera 56(2)

committee should into aspect of issue of implement of probation act in which first time offender

ઉપરોકત ચુકાદાઓની ગાઈડલાઈન પ્રોબેશન એકટનો હેતુ તથા હાલના કેસના સંજોગો તથા પડેલ પુરાવો તથા આરોપીએ કાઢેલ પ્રોસીડીગમાં સમય ધ્યાને લેતા હાલનો કેસ પ્રોબેશનનો લાભ આપવા માટે યોગ્ય જણાતો હોય પ્રોબેશન ઓફ અફેન્બલની કલમ–૩,૪,૬ ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

૨૨. પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ ની કલમ–૪ મુજબ જે કોઈ વ્યક્તિ મૃત્યુ દંડ કે જન્મટીપની સજા સિવાય કોર્ટ દ્વારા તકસીરવાન ઠરાવવામાં આવેલ તો **ગુનાની ગંભીરતા અને કેસની પરિસ્થિતિ અને આરોપીનું ચરિત્ર દયાને લઈ અજમાયશી ધોરણે છોડી શકાય.** પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૪ ધ્યાને લેતા તેમજ આ કામના આરોપી

અત્રેની અદાલતમાં કેસ ચાલતા દરમિયાન નિયમિત હાજર રહેલા છે, તેમજ હાલનો કેસ ચાલતા દરમિયાન બીજો કોઈ ગુનો આરોપી વિરૂદ્ધ નોંધેલ હોય તેવુ કશુ રજુ થયેલ નથી તેમજ આ કેસ ચાલતા દરમિયાન ફરીયાદપક્ષના ફરીયાદી કે સાહેદો સામે આરોપી દ્વારા કોઈ ઝઘડો કે તકરાર નોંધાયેલ હોય તેવુ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી. આરોપી સામે આ અગાઉ આવા પ્રકારનો કોઈ ગુન્હો બન્યા અંગેની ફરીયાદ નોંધાયેલ હોય કે આવો કોઈ બીજો ગુન્હો આરોપીએ આચરેલાનું પણ ફરીયાદપક્ષ દ્વારા રજુ રેકર્ડ પરથી ફલિત થયેલ નથી. તેથી આરોપી સામે આ પ્રથમ ગુન્હો હોવાનું જણાઈ આવે છે.

૨૩. (૪).. IN WRIT PETITION (CIVIL) NO.406/2013, RE – INHUMAN CONDITIONS IN 1382 PRISONS, Honourable Supreme Court has held in pare 56(2) as under:-

> 2. The Under Trial Review Committee should specifically look into aspects pertaining to effective implementation of Section 436 of the Cr.P.C. and Section 436A of the Cr.P.C. so that undertrial prisoners are released at the earliest and those who cannot furnish bail bonds due to their poverty are not subjected to incarceration only for that reason. The Under Trial Review Committee will also look into issue of implementation of the Probation of Offenders Act, 1958 particularly with regard to first time offenders so that they have a chance of being restored and rehabilitated in society.

**૨૪.** વળી આ કેસની હકીકતો, સંયોગો અને પ્રોબેશનઉપર મુજબના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપી એકંદરે નિયમિત કોર્ટમાં હાજર રહેલ હોય ત્યારે સદર માનેલા ગુનાના પ્રકાર, સ્વરૂપ, આરોપીની ઉંમર તથા તેમની જવાબદારીઓ ધ્યાને લેતા આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર એકટની કલમ-૪ અન્વયે એક વર્ષ માટે સધ્ધર જામીન લઈ પ્રોબેશનનો લાભ આપી મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. આ કેસમાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડરસ એકટની કલમ-૪ હેઠળ પ્રોબેશનનો લાભ આપવા નક્કી કરવામાં આવેલ છે પરંતુ આ કાયદા હેઠળ કલમ-૫ માં કોર્ટ આરોપી પાસેથી વળતર અને ખર્ચ ઈજા પામનારને આપવાનો હુકમ કરી શકે છે.સદર કામે ફરીયાદપક્ષને કોઈ શારીરીક ઈજા પહોચેલ હોય વળતરનો પ્રશ્ન યોગ્ય રીતે વિચારણા બાદ જેથી નીચે મુજબનો મુદ્દા નં.ર બાબતે આખરી હુકમ કરવામાં આવે છે.

## ◀ આ ખ રી હુ ક મ ▶

**૧.** આ કામના આરોપી નં.(૧) શુભમ સ/ઓ હરીશંકર ઓમકારલાલ વર્મા, (૨) રાજેશ વિનોદભાઇ પાટડિયા, (૩) અમન ઉર્ફે પ્રેમ અજિતસિંહ રાઠોડ નાઓને જી.પી.એકટ ૧૩૫(૧) અન્વયે આરોપીને શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપી નં. (૧) શુભમ સ/ઓ હરીશંકર ઓમકારલાલ વર્મા, (૨) રાજેશ વિનોદભાઇ પાટડિયા, (૩) અમન ઉર્ફે પ્રેમ અજિતસિંહ રાઠોડ ને કલમ–૩૨૩, ૩૨૪, ૧૧૪ અન્વયે તકસીરવાન ઠરાવેલ છે પરંતુ પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ ની કલમ–૪ મુજબ સજા ન કરતાં એક વર્ષના સારી ચાલ ચલગતના બોન્ડ ઉપર આજમાયસી ધોરણે મુકત કરવામાં આવે છે. સદરહું સમય દરમ્યાન જો આરોપી કોઈ ગુનાહીત પ્રવૃતિમાં જોડાશે તો તકસીરવાન ઠરાવેલા ગુનામાં સજા ભોગવવા હકકદાર રહેશે.

૩. ફરીયાદીને કલમ ૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર તરીકે ફેકચર થયેલ હોય રૂા.૫,૦૦૦/– પ્રત્યેક આરોપીએ દિન ૩૦ મા ભરવાના રહેશે અને તેવી રકમ ફરીયાદીને વળતર તરીકે પરત આપવી.

**૪.** આ કામના આરોપીઓને હાલ પુરતા સજાના કરતા એક વર્ષ માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ફરીથી ગુનાહિત પ્રવૃત્તિ નહિં કરવાની શરતે રૂા.૫, ૦૦૦/– ના જામીન અને તેટલીજ રકમના જાતમુચરકા રજુ કર્યેથી પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ ની કલમ–૪ મુજબ આજમાયસી ધોરણ પર મુકત કરવામાં આવે છે.

**૫.** પ્રોબેશન ઓફીસરને સદર ચુકાદાની જાણ સારૂ તથા પાલન સારૂ એક નકલ મોકલી આપવી.

**૬.** આરોપીઓને સી. આર. પી. સી. ની કલમ–૩૬૩(૨) મુજબ ચુકાદાની એક નકલ ફાળવી આપવી.

હુકમ આજરોજ તા. ૦૬લી માહે જુલાઇ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તા. ૦૬/૦૭/૨૦૨૪

(જે. એસ. શાહ)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રટ (કોર્ટ નં. ૧૦)
અમદાવાદ
કોડ નં.જીજે ૦૦૯૩૬